**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

**અખબારી યાદી**

## સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણીના પ્રયાસોથી

## ભાટિયા રેલવે સ્ટેશને રિઝર્વેશન સુવિધા મંજૂર : ડિસેમ્બર ૨૦૧૦ થી થનારો પ્રારંભ

**જામનગર : ઓગસ્ટ ૧૭, ૨૦૧૦ :** જામનગર જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ભાટિયા રેલવે સ્ટેશન ખાતે પ્રવાસીઓની સુવિધા માટે ડિસેમ્બર ૨૦૧૦ સુધીમાં બીન-આરક્ષણ ટીકીટ સુવિધા તથા આરક્ષણ સુવિધા શરૂ કરી દેવામાં આવશે. રાજ્ય સભા સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણીએ ભાટિયા રેલવે સ્ટેશને પ્રવાસીઓ માટે વધુ સુવિધાઓ ઉભી કરવા માટે પશ્ચિમ રેલવેના સત્તાધીશો સાથે જૂન ૨૦૧૦ થી પ્રયાસો આદર્યા હતા અને એક આવેદન પત્ર પણ પાઠવ્યું હતું.

શ્રી પરિમલભાઈ નથવાણીની રજૂઆતનો સાનુકૂળ પ્રતિભાવ આપતાં પશ્ચિમ રેલવેના મહા પ્રબંધક શ્રી આર. એન. વર્માએ સાંસદશ્રીને તાજેતરમાં પાઠવેલા પ્રત્યુત્તરમાં આ મુજબની માહિતી મળી છે.

પશ્ચિમ રેલવેના મહા પ્રબંધકશ્રીએ સાંસદ મહોદયને લખેલા પત્રમાં વધુમાં જણાવ્યું છે કે, ભાટિયા રેલવે સ્ટેશનનો સમાવેશ 'ઈ' શ્રેણીમાં થાય છે જ્યાં એક સમયે ૧૧૦ જેટલા પ્રવાસીઓને સંભાળી શકાય છે. આ આ કક્ષાના રેલવે સ્ટેશન ખાતે હોવી જોઈતી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. તેમાં એક વ્યક્તિથી ચાલતી પાણીની પરબ, એક ઉપહાર-ગૃહની દુકાન, સ્ત્રીઓ અને પુરૂષો માટેનું શૌચાલય સામેલ છે. વર્તમાન માર્ગદર્શિકા અનુસાર આ સ્તરની સુવિધાઓ આ સ્ટેશન માટે પૂરતી ગણાય છે.

પત્રમાં વધુમાં જણાવાયું છે કે 'ઈ' શ્રેણીનાં સ્ટેશનો માટે લેવલ પ્લેટફોર્મ હોવું જોઈએ પરંતુ ભાટિયામાં તેને બદલે મીડિયમ લેવલનું પ્લેટફોર્મ છે જે ઉપરની શ્રેણીનાં સ્ટેશનો માટે હોય છે. વધુમાં, ૮૦ ચોરસ મીટરની છત પ્લેટફોર્મ ઉપર છે જે આટલા ટ્રાફિક માટે પૂરતી છે. કેટલાંક ઘટાદાર વૃક્ષો પણ ઉપલબ્ધ છે. હાલમાં ભાટિયા સ્ટેશન ઉપર ત્રણ બેઠકો વાળા લોખંડના દસ બાંકડા છે તથા પાંચ લાકડાની પાટલીઓ છે જે ૫૦ પેસેન્જરો માટે બેઠક વ્યવસ્થા પૂરી પાડે છે. જો કે સૈદ્ધાંતિક રીતે ૨૦ બેઠકોની સુવિધા હોય તે પણ પૂરતું છે. તેથી વર્તમાન બેઠક વ્યવસ્થા પર્યાપ્ત છે.

વેઈટિંગ રૂમ વિષે રેલવેના જનરલ મેનેજરે સાંસદ શ્રી પરિમલ નથવાણીજીને જણાવ્યું કે સૈદ્ધાંતિક રીતે 'ઈ' શ્રેણીનાં સ્ટેશનો ઉપર વેઈટિંગ રૂમ જરૂરી હોતો નથી. જો કે ૪૦ ચોરસ મીટરનો એક વેઈટિંગ હોલ છે જેમાં સિમેન્ટનો ચબૂતરો અને લાઈટ-પંખાની વ્યવસ્થા છે, જે પર્યાપ્ત છે.

★ ★ ★